# જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર

" સી " બ્લોક, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર, ફોન નં: ૦૭૯ ૨૩૨૪૦૩૨૪,
email:-dsogandhinagarcity15@gmail.com, dsogandhinagarrural16@gmail.com


FIT INDIA

ક્રમાંક/જિ.ર.ગ.અ./ખેમકુ/રા.કક્ષા/હો.સ્પર્ધા/૨૪૯૬ થી ૨૫૦૩/૨૦૧૯-૨૦ તારીખ :૨૬/૧૧/૨૦૧૯

પ્રતિ,
મધ્યઝોન કક્ષા આયોજકશ્રી, ગાંધીનગર
પૂર્વઝોન કક્ષા આયોજકશ્રી, દાહોદ
સૌરાષ્ટ્રઝોન કક્ષા આયોજકશ્રી, રાજકોટ ગ્રામ્ય
દક્ષિણઝોન કક્ષા આયોજકશ્રી, સુરત ગ્રામ્ય
જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજ્ય.

વિષય :- ખેલમહાકુંભ-૨૦૧૯ રાજયકક્ષા હોકી ઓપન વયજુથ ભાઇઓ/બહેનોની સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક:એસએજી/ખેમકું-૧૯/૨૦૧૯-૨૦ તા.૦૧/૧૧/૨૦૧૯ના પત્ર અન્વયે.

શ્રીમાનશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પ્રેરીત અને જિલ્લા વહીવટીતંત્ર ગાંધીનગર તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલીત ખેલમહાકુંભ- ૨૦૧૯ રાજયકક્ષા હોકી ઓપન વયજુથ ભાઇઓ/બહેનોની સ્પર્ધા યોજવામાં આવનાર છે. જે અંગેની આપના ઝોનમાં પ્રથમ અને દ્વિતીય વિજેતા થયેલ ટીમનુ પરિણામ/ એન્ટ્રી/એલીજીબીલીટી તા.૨૯/૧૧/૨૦૧૯ સુધીમાં અત્રેના ઈ-મેઈલ આઈ.ડી dsogandhinagarcity15@gmail.com, dsogandhinagarrural16@gmail.com પર મોકલી આપવા વિનંતી છે.

## ખેલમહાકુંભ રાજયકક્ષા ઓપન વયજુથ હોકી બહેનો સ્પર્ધા કાર્યક્રમ-૨૦૧૯

| | |
|---|---|
| રીપોર્ટીંગ સ્થળ | યુથ હોસ્ટેલ, સેકટર-૧૬, ગાંધીનગર (સરકારી આર્ટસ-કોમર્સ કોલેજની સામે, સેકટર-૧૫) |
| રીપોર્ટીંગ તારીખ/ સમય | તા.૦૧-૧૨-૨૦૧૯, સમય : સાંજે ૦૬:૦૦ કલાકે |
| સ્પર્ધા તારીખ | તા.૦૨-૧૧-૨૦૧૯ થી તા.૦૩-૧૨-૨૦૧૯ (સ્પર્ધા મેદાન નીચે દર્શાવ્યા મુજબ રહેશે.) |

## ખેલમહાકુંભ રાજયકક્ષા ઓપન વયજુથ હોકી ભાઇઓ સ્પર્ધા કાર્યક્રમ-૨૦૧૯

| | |
|---|---|
| રીપોર્ટીંગ તારીખ/ સમય | તા.૦૩-૧૨-૨૦૧૯, સમય : સાંજે ૦૬:૦૦ કલાકે |
| સ્પર્ધા તારીખ | તા. ૦૪-૧૨-૨૦૧૯ થી તા.૦૫-૧૨-૨૦૧૯ |
| સ્પર્ધા સ્થળ | સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડીયા ( S.A.I ), સેકટર-૧૫, ગાંધીનગર |
| ખેલાડીઓની સંખ્યા | ૧૬ + ૧ ( કોચ/મેનેજર) |
| સંપર્ક નંબર તથા જરૂરીવાહન વ્યવહાર | કું.જયાબેન ખાંટ (PYDO): ૭૦૧૬૨૭૮૭૦૯, જે.એમ.પટેલ (PYDO):- ૭૫૬૭૯૧૩૮૫૮ |
| રીપોર્ટીંગ સ્થળ રૂટ/માર્ગ | ગાંધીનગર પથિકાશ્રમ બસ ડેપોથી ગ-૪ અથવા ગ-૫ સર્કલની વચ્ચે, સે-૧૫, સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની સામે, ગાંધીનગર |

### -: સ્પર્ધા અંગે જરૂરી સૂચના :-

(૧) આપના જિલ્લાની ટીમ આવનાર છે કે નહિ તે અંગે ટેલીફોનિક જાણ અગાઉથી કરવાની રહેશે અન્યથા લોટ્સ/ડ્રોમાં લેવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

Scanned by CamScanner

(૨) ટીમના દરેક ખેલાડીની ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોંચ ફરજીયાત સાથે લાવવાની રહેશે. તેમજ ઓનલાઈન આઈ.ડી. નંબર વાળા જ ખેલાડીઓને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.

(૩) આયોજક ઝોનકક્ષા જિલ્લામાંથી પ્રથમ અને દ્વિતીય વિજેતા ટીમને જ રાજયકક્ષાએ ભાગ લેવા મોકલવાની રહેશે. તથા સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજીયાત રહેશે.

(૪) ઉપલબ્ધ મહત્તમ સાધન,મેદાન,નિવાસનો ઉપયોગ કરવામાં આવશે અન્ય નવી કોઇ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે નહી.

(૫) ભાગ લેવા આવનાર વિજેતા અને પસંદગી ટીમના ખેલાડીઓની K.M.K ID વાળી એન્ટ્રી તથા નિયમ મુજબની એલીજીબીલીટી ફોર્મ જે તે જિલ્લા રમતગમત અધિકારીના સહી સિક્કા કરીને ૩ નકલમાં સાથે લાવવાની રહેશે.

(૬) ભાગ લેનાર ખેલાડીઓએ ફરજીયાત પણે પોતાના આધારકાર્ડ/ જન્મતારીખનો દાખલો/ રહેઠાણ અંગેના પુરાવા/ ફોટો આઈ.ડી/ બોનાફાઇડ અને બેન્ક એકાઉન્ટની માહીતીના જરૂરી આધાર પુરાવા સાથે લાવવાના રહેશે.

(૭) સ્પર્ધા નિવાસ સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. અને ડિપોઝીટ પેટે રૂ.૧૦૦૦/- જમા કરાવવાના રહેશે. તેમજ સ્પર્ધા સ્થળે/ નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે તે ખેલાડી/ મેનેજરે ભરપાઈ કરવાની રહેશે અને તે અંગેની જાણ તેમના જિલ્લાના DSO/DEOશ્રીને કરવામાં આવશે અને તે સંસ્થાની ટીમને ડિસ્ક્વોલીફાઇડ કરવામાં આવશે. અને પ્રવાસ ખર્ચ ચુકવવામાં આવશે નહી જેની સંપુર્ણ જવાબદારી ટીમ મેનેજરશ્રીની રહેશે.

(૮) ટીમ સાથે કોચ કમ મેનેજર તરીકે ( મહિલા મેનેજર ) એક જ વ્યક્તિએ જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહી સિક્કા વાળો ઓર્ડર સાથે લાવવાનો રહેશે અન્યથા પ્રવેશ મળશે નહી.

(૯) સ્પર્ધા પુર્ણ થયેથી ટીમે તરતજ સ્પર્ધા સ્થળેથી પરત જવાનું રહેશે અને નિવાસ ખાલી કરવાનો રહેશે. જેની ટીમ મેનેજરે ખાસ નોંધ લેવી.

(૧૦) કોચ કમ મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઈપણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

(૧૧) ખેલાડી/ મેનેજરે પોતાની સાથે કોઈપણ કિંમતી વસ્તુ લાવવી નહી. અને જેની જવાબદારી ખેલાડી/ મેનેજરની રહેશે. અત્રેની કોઇ જવાબદારી રહેશે નહી.

(૧૨) ઇ-મેઇલ ઉપરથી કોપી ડાઉનલોડ કરી ભાગ લેનાર ટીમના કોચ/મેનેજરશ્રીને આપવાની રહેશે.

(૧૩) સરકારશ્રીના નિયમાનુસાર મુસાફરી કરવાની રહેશે. સાદી બસ/એસ.ટી.ની મુસાફરીની ટીકીટ ફરજીયાત રજુ કર્યા બાદ ભાડુ R.T.G.S થી ચુકવવામાં આવશે.

નોંધ:-<u>પ્રવાસ ખર્ચના નાણાં કોચ/મેનેજરના બેન્ક ખાતામાં સરકારશ્રીમાંથી આવ્યા બાદ RTGS થી ચુકવવામાં આવશે. કેસ(રોકડ) / ચેકથી ચુકવણી કરવામાં આવશે નહી. જેથી ટીમ મેનેજરશ્રીએ પ્રવાસ ખર્ચ સાથે લઇ આવવાનો રહેશે. ટીમ મેનેજરશ્રીએ કેન્સલ ચેક અથવા પાસબુકની ઝેરોક્ષ ફરજીયાત સાથે લાવવાની રહેશે.</u>

આપનો વિશ્વાસુ,

જિલ્લા રમતગમત અધિકારી,
ગાંધીનગર શહેર

<u>સવિનય નકલ રવાના જાણ સારૂ :-</u>

૧) માન.અગ્રસચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
૨) માન.નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
૩) માન.સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૪) માન.કલેક્ટરશ્રી, ગાંધીનગર
૫) માન.કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર
૬) માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર ( જરૂરી પોલીસ બંદોબસ્ત ફાળવવા સારૂ )
૭) માન.સચિવશ્રી, રાજ્ય રમત ગમત પરિષદ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
૮) માન.રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, સેકટર-૧૫, ગાંધીનગર. ( જરૂરી મેદાન ફાળવવા સારૂ )
૯) માન.શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર ( પ્રાથમિક, માધ્યમિક, શાસનાધિકારી )
૧૦) માન.મેડીકલ ઓફીસરશ્રી, ( મેડીકલ ટીમ હાજર રાખવા સારૂ)
૧૧) માન.નાયબ માહિતી નિયામકશ્રી, ગાંધીનગર (સ્પર્ધાની વિનામુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ)
૧૨) સિનિયર કોચશ્રી, ગુજરાત રાજ્ય, તમામ
૧૩) નોડલ અધિકારીશ્રી, ખેલ મહાકુંભ ૨૦૧૯, હોકી સ્પર્ધા.
૧૪) પ્રમુખશ્રી/મંત્રીશ્રી ગુજરાત રાજ્ય હોકી એસોસીએશન.
૧૫) પ્રમુખશ્રી/મંત્રીશ્રી ગાંધીનગર વ્યાયામ મંડળ
૧૬) મેનેજર/ઇન્ચાર્જશ્રી, યુથ હોસ્ટેલ, સેકટર-૧૬, ગાંધીનગર (નિવાસ અંગેની જરૂરી વ્યવસ્થા પુરી પાડવા સારૂ )
૧૭) પસંદગી ફાઇલ

Scanned by CamScanner